## તંત્રી સ્થાનેથી......

કૌશલ્ય ભારત મિશન હેઠળ ભારતના યુવાનો માટે કારકિર્દીની તકો વધારવાના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝનના ભાગરૂપે, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલય (MSDE) 9 જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ સમગ્ર દેશમાં ભારતના ૨૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨૪૨ જિલ્લાઓ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય એપ્રેન્ટિસશિપ મેળા (PMNAM)નું આયોજન કરી રહ્યું છે. કેટલાક સ્થાનિક વ્યવસાયો અને સંસ્થાઓને આ એપ્રેન્ટિસશિપ મેળાના ભાગ બનવા માટે આમંત્રિત કરવામાં આવ્યા છે જેથી સ્થાનિક યુવાનોને એપ્રેન્ટિસશિપ તાલીમ દ્વારા તેમની કારકિર્દી ઘડવાની સંબંધિત તકો પૂરી પાડવામાં આવે. આ ઈવેન્ટમાં વિવિધ ક્ષેત્રોનું પ્રતિનિધિત્વ કરતી ઘણી કંપનીઓની ભાગીદારી જોવા મળશે. સહભાગી સંસ્થાઓને એક જ પ્લેટફોર્મ પર સંભવિત એપ્રેન્ટિસને મળવાની અને સ્થળ પર જ અરજદારોને પસંદ કરવાની તક મળશે, જેથી તેઓને તેમની આજીવિકા મજબૂત કરવાની અને નવા કૌશલ્યો શીખવાની તક મળશે. વ્યક્તિઓ https://www.apprenticeshipindia.gov.in/ પર જઈને મેળા માટે નોંધણી કરાવી શકે છે અને મેળાનું નજીકનુ સ્થાન શોધી શકે છે. વર્ગ ૫ થી ધોરણ ૧૨ પાસ આઉટ અને કૌશલ્ય પ્રશિક્ષણ પ્રમાણપત્રો ધરાવતા ઉમેદવારો અથવા ITI ડિપ્લોમા ધારકો અથવા સ્નાતકો આ એપ્રેન્ટિસશીપ મેળામાં અરજી કરી શકે છે. ઉમેદવારોએ તેમના બાયોડેટાની ત્રણ નકલો, તમામ માર્કશીટ અને પ્રમાણપત્રોની ત્રણ નકલો, ફોટો ID (આધાર કાર્ડ/ ડ્રાઈવિંગ લાયસન્સ વગેરે) અને ત્રણ પાસપોર્ટ સાઈઝના ફોટા સંબંધિત સ્થળોએ સાથે રાખવાના રહેશે. જેઓએ નોંધણી કરાવી છે તેમને તમામ સંબંધિત દસ્તાવેજો સાથે સ્થળ પર પહોંચવા વિનંતી કરવામાં આવી છે. આ મેળા દ્વારા, ઉમેદવારો નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ (NCVET) દ્વારા માન્યતા પ્રાપ્ત પ્રમાણપત્રો પણ મેળવશે, તાલીમ સત્રો પછી તેમના રોજગાર દરમાં સુધારો કરશે. પ્રધાનમંત્રી રાષ્ટ્રીય એપ્રેન્ટિસશીપ મેળા પર પોતાના વિચારો વ્યક્ત કરતા, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલયના સચિવ શ્રી અતુલ કુમાર તિવારીએ જણાવ્યું હતું કે, કૌશલ્ય અને જ્ઞાન એ દેશના આર્થિક વિકાસ અને સામાજિક વિકાસના પ્રેરક બળ છે. તે સ્થાપિત થયેલ છે કે ઉચ્ચ અને વધુ સારી કૌશલ્ય ધરાવતા દેશો કામની નવી દુનિયા દ્વારા આપણા પર ફેંકવામાં આવેલા પડકારો અને તકોને વધુ અસરકારક રીતે સમાયોજિત કરી રહ્યા છે. અમારા એપ્રેન્ટિસશીપ કાર્યક્રમો દ્વારા અમે એક સ્થિતિસ્થાપક અને સક્ષમ કાર્યબળનું નિર્માણ કરવાનું લક્ષ્ય રાખીએ છીએ જે તેની પોતાની સામાજિક-આર્થિક સ્થિતિ સુધારવાની અને ભારતના આર્થિક એન્જિનને આગળ વધારવાની ક્ષમતા ધરાવે છે, એમ તેમણે ઉમેર્યું. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, PMNAM એ એક પ્લેટફોર્મ છે જે એપ્રેન્ટિસશીપના ઉમેદવારો અને નોકરીદાતાઓની બેઠકને ઝડપી ટ્રેક કરે છે અને ઉમેદવારોને નોકરીદાતાઓ સાથે એક પછી એક વાર્તાલાપ કરવાની અને તેઓ જે ઉદ્યોગમાં તાલીમ લેવા માગે છે અને કારકિર્દી બનાવવા માગે છે તે વિશે જાણવાની તક પૂરી પાડે છે. આ મેળાઓ યોગ્ય તકો શોધી રહેલા નવા આવનારાઓને ખૂબ મૂલ્ય પ્રદાન કરે છે, વ્યવસાયો, સમુદાયો અને પરિવારોને અસંખ્ય લાભો પ્રદાન કરે છે. અમે તમામ વ્યાવસાયિક અને શૈક્ષણિક પૃષ્ઠભૂમિના ઉમેદવારોને આ મેળાનો ભાગ બનવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ જ્યાં તેઓને તેમના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાની આકર્ષક કારકિર્દીનો ભાગ બનવાની તક મળે છે, એમ તેમણે ઉમેર્યું હતું. દેશમાં દર મહિનાના બીજા સોમવારે એપ્રેન્ટિસશીપ મેળાઓનું આયોજન કરવામાં આવે છે, જેમાં પસંદ કરાયેલ વ્યક્તિઓને નવા કૌશલ્યો મેળવવા માટેના સરકારી માપદંડો અનુસાર માસિક સ્ટાઈપેન્ડ મળે છે. એપ્રેન્ટિસશીપને કૌશલ્ય વિકાસનું સૌથી ટકાઉ મોડલ માનવામાં આવે છે, અને તેને સ્કીલ ઈન્ડિયા મિશન હેઠળ મોટું પ્રોત્સાહન મળી રહ્યું છે. સરકાર એપ્રેન્ટિસશીપ તાલીમ દ્વારા વાર્ષિક ૧ મિલિયન યુવાનોને તાલીમ આપવા માટે પ્રયત્નશીલ છે અને આ મિશનને પૂર્ણ કરવા માટે, PMNAMનો ઉપયોગ સંસ્થાઓ અને વિદ્યાર્થીઓની ભાગીદારી વધારવા માટે એક પ્લેટફોર્મ તરીકે કરવામાં આવી રહ્યો છે. તે સહભાગી કંપનીઓમાં અસ્તિત્વમાં રહેલી વિવિધ તકો અંગે યુવાનોને જાગૃતિ પણ પ્રદાન કરે છે.





# તાપી જિલ્લા ખાતે હેલ્થ એન્ડ ન્યુટ્રીશન કાર્યક્રમ યોજાયો

### જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.ડી.કાપડિયાના અધ્યક્ષસ્થાને ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલય બોરખડી ખાતે શ્રી રાજેશ્વર સેવા ટ્રસ્ટ ગાંધીનગરના સહયોગથી હેલ્થ એન્ડ ન્યુટ્રીશન પ્રોગ્રામ યોજાયો

કમલમ્ ન્યુઝ,સમીર શાહ.

બાળકોના જતનમાં કોઈ કચાસ ન રહે તે અંગે સૌ વાલીઓ અને આંગણવાડીના બહેનોને અપીલ કરતા ડી.ડી.ઓશ્રી ડી.ડી.કાપડિયા, વ્યારા-તાપી તા: ૦૬: ગાંધીનગરની શ્રી રાજેશ્વર સેવા ટ્રસ્ટ દ્વારા જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.ડી.કાપડિયાના અધ્યક્ષસ્થાને ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલય બોરખડી ખાતે હેલ્થ એન્ડ ન્યુટ્રીશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.ડી.કાપડિયાએ ઉપસ્થિત સૌને પોષણનું મહત્વ સમજાવતા જણાવ્યુ હતું કે, તંદુરસ્ત સમાજના નિર્માણમાં મહિલાઓનો સિંહ ફાળો છે. મહિલાઓ સ્વસ્થ હશે તો જ આવનાર બાળક સ્વસ્થ જન્મ લેશે. તેમણે ઉપસ્થિત વિદ્યાર્થિનીઓને પોતાના ભોજનમાં લીલા શાકભાજી, ફળફળાદી અને વિવિધ અનાજ લેવા માટે આગ્રહ કર્યો હતો. તેમણે સૌ બાળકોને મન મુકી પોતાને મનગમતી કલા વિકસાવવા અનુરોધ કર્યો હતો. આ સાથે સ્વચ્છતા અંગે પણ સભાનતા કેળવી હાઈજીન પ્રેક્ટીસને અપનાવવા જણાવ્યું હતું. ડી.ડી.ઓશ્રીએ તાપી જિલ્લાની પહેલ "પોષક વાલી પ્રોજેક્ટ" અંતર્ગત તાપી જિલ્લાના વર્ગ-૧ અને ૨ના અધિકારીઓએ આંગણવાડીઓ દત્તક લીધી છે એમ જણાવી દરેક અધિકારી જે-તે આંગણવાડી ખાતે સમયાંતરે મુલાકાત લઈ રેડ ઝોનના બાળકોને પોષણ કીટ વિતરણ કરશે. તેઓના વાલીઓને પોષણના મહત્વ અંગે માહિતગાર કરશે છે એમ ખાસ ઉમેર્યુ હતું. આ ઉપરાંત આપણા બાળકો કુપોષણ મુકત હોય તે આપણું સામાજિક ઉત્તર દાયિત્વ છે એમ જણાવી બાળકોના જતનમાં કોઈ કચાસ ન રહે તે અંગે સૌ વાલીઓ અને આંગણવાડીના બહેનોને અપીલ કરી હતી. કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખશ્રી જસુબેન ગામીતે કિશોરીઓને તેઓના વાલીઓ અને શાળાના શિક્ષિકાઓ તેઓના મિત્ર છે અને એક મિત્ર તરીકે કિશોરીઓને થતી કોઈ પણ સમસ્યા અંગે વાતચીત અને સલાહ સુચન લેવામાં ખચકાવુ ના જોઈએ એમ સમજ કેળવી હતી. તેમણે તાપી જિલ્લામાં આરોગ્ય વિભાગ અને પોષણ અભિયાન હેઠળ આંગણવાડીની બહેનો દ્વારા કરવામા આવતી કામગીરીની સરાહના કરી હતી. આ પ્રસંગે મુખ્ય આરોગ્ય અધિકારીશ્રી ડૉ. પાઉલ વસાવાએ આરોગ્યના મહત્વ અંગે સમજાવતા સૌને જણાવ્યું હતું કે, આપણા વિસ્તારમાં એનીમિયાથી પીડીત નાગરિકો વધારે છે. એનીમિયા થવા અંગેના કારણો સમજાવતા તેમણે સૌ વિદ્યાર્થિનીઓને આરોગ્ય વિભાગ દ્વારા દર બુધવારે આપવામાં આવતી ફોલિક એસીડની દવા નિયમિત લેવા તથા ભોજન લેવામાં આળસ ન કરવા સમજ આપી હતી. ઈચા.પ્રોગ્રામ ઓફિસર નયન્તિકાબેને આઈ.સી.ડી.એસ વિભાગ દ્વારા કાર્યરત યોજનાઓ અંગે વિગતવર જાણકારી આપી તાપી જિલ્લામાં કુપોષણ નાબુદ કરવા માટે લેવામા આવેલ વિવિધ પગલાઓ અંગે સૌને માહિતગાર કર્યા હતા. શ્રી રાજેશ્વર સેવા ટ્રસ્ટના પ્રમુખશ્રી પ્રિતી પટેલે સ્વાગત પ્રવચન કરતા શ્રી રાજેશ્વર સેવા ટ્રસ્ટ દ્વારા તાપી જિલ્લામાં કરવામા આવેલ કામગીરી અંગે જાણકારી આપી હતી. તેમણે ઉમેર્યુ કે, શ્રી રાજેશ્વર સેવા ટ્રસ્ટ દ્વારા ગુજરાતમાં ૧.૫ લાખ બાળકીઓને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવી રહી છે. જે અન્વયે તાપી જિલ્લામાં વ્યારા તાલુકાના ૧૦ ગામોમાં બાળકીઓને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવી હતી. આ કામગીરીમાં ગ્રામજનો અને બાળકોઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે શ્રી રાજેશ્વર સેવા ટ્રસ્ટ અને પોષણ અભિયાન હેઠળ તમામ બાલીકાઓને પોષણ કીટનું વિતરણ કરવામા આવ્યું હતું. આ ઉપરાંત ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલય, પ્રાથમિક શાળા અને પીટીસી કોલેજની વિવિધ વિદ્યાર્થિનીઓ જેમણે રમત ગમતમાં વિજેતા બન્યા હોય તેઓને મહાનુભાવોના હસ્તે ટ્રોફી એનાયત કરી પ્રોત્સાહિત કરવામા આવ્યા હતા. પોષણ અભિયાન હેઠળ વાનગી પ્રદર્શન કરવામાં આવ્યું હતું. અત્રે નોંધનિય છે કે, શ્રી રાજેશ્વર સેવા ટ્રસ્ટ, ગાંધીનગર મારફતે લોકઉપયોગી વિવિધ સેવાના કાર્યો કરવામા આવી રહ્યા છે. તાપી જિલ્લાના વ્યારા તાલુકાના માયપુર, ભાટપુર, અંધારવાડી, પનીયારી, કોહલી, ખુશાલપુરા, બોરખડી, લોટરવા અને ટીચકપુરા ગામમાં "સ્પોટર્સ તાલીમ, આત્મ-રક્ષણ(સેલ્ફ-ડીફેન્સ) તાલીમ તેમજ પોષણ વૃદ્ધી કાર્યક્રમ" કરવામાં આવ્યા હતા. જેમાં કુલ ૧૦૪૯ બહેનોએ ભાગ લીધો હતો. આજના હેલ્થ અને ન્યુટ્રીશન કાર્યક્રમ દ્વારા હેલ્થ ચેકઅપ કેમ્પ જેમાં હિમોગ્લોબીન અને સિકલસેલનો રિપોર્ટ કરવામાં આવ્યા હતા. રીપોર્ટના આધારે વિદ્યાર્થીઓ અને વાલીઓને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રોજેક્ટમાં સમાવેશ થતા ગામડાઓની શાળા, આંગણવાડીની દર અઠવાડિયે મુલાકાત લઈ 'Healthy Food Habit' વિશે સમજ કેળવી હતી. દરેક વિદ્યાર્થીનીનું BMI, HEIGHT, WEIGHT, FAT માપવામાં આવ્યું હતું. વિડિયો અને PPT દ્વારા હિમોગ્લોબીન કઈ રીતે વધારવું તેની સમજ તથા વિટામીનનું શરીરમાં મહત્વ, પૌષ્ટિક આહાર જેવા કે, તલ-ગોળના લાડુ, બિસ્કીટ, નાનખટાઈ, જ્યુસ, ફળ, ખજુરપાકના લાડુ, સુખડી વગેરેનું વિતરણ કરવામાં આવ્યું અને તેને યોગ્ય રીતે બનાવવાની રીત વિશે સમજાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત ઉત્તર બુનિયાદી વિદ્યાલય, બોરખડી, પ્રાથમિક શાળા, માયપુર અને આંગણવાડી કેન્દ્ર, ભાટપુર ખાતે કિચન ગાર્ડનનું નિર્માણ કરવાની સાથે ગ્રામજનોને પોતાના ઘરે પણ કિચન ગાર્ડન બનાવવા માર્ગદર્શન અને ટ્રેનીંગ આપવામાં આવી હતી.

# હિંમતનગર ખાતે સશક્ત અને સુપોષિત કિશોરી– કાર્યક્રમ યોજાયો

### સશક્ત અને સુપોષિત નારીશક્તિ થકી તંદુરસ્ત રાષ્ટ્રનિર્માણ તરફ આગળ વધીએ –ધારાસભ્યશ્રી વી ડી ઝાલા

કમલમ્ ન્યુઝ,ઈકબાલ મેમણ
યુનુસ મેમણ

મહિલા અને બાળ વિકાસ વિભાગ,ગુજરાત સરકાર તથા જિલ્લા મહિલા અને બાળ વિભાગ અધિકારીની કચેરી હિંમતનગર અને આઈ.સી.ડી.એસ કચેરી હિંમતનગરના સંયુકત ઉપક્રમે




હિંમતનગર ધારાસભ્ય વી. ડી ઝાલાની અધ્યક્ષતામાં નલીનકાંત ગાંધી ટાઉન હોલ, હિંમતનગર ખાતે સશક્ત અને સુપોષિત કિશોરી- અભિયાન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન ધારાસભ્યશ્રી વી. ડી ઝાલાએ જણાવ્યુ હતુ કે ભારત યુવાપ્રધાન દેશ છે. દેશનું ભાવિ યુવાનો ઉપર નિર્ભર કરે છે. આથી દેશનું યુવાધન તંદુરસ્ત રહે તે અનિવાર્ય છે. દેશની સાચી સમૃધ્ધી દેશની સશક્ત મહિલા છે. આજના વર્તમાન સમયમાં કિશોરીઓ ફાસ્ટ ફૂડ જેવા અસમતોલ આહારના ઉપયોગથી પોતાના સ્વાસ્થને જોખમમાં મૂકી રહી છે.કિશોરીઓ પોતાના સ્વાસ્થ પ્રત્યે જાગરૂતતા દાખવે તે અત્યંત જરૂરી છે. આજે દ્રોપદી મુર્મુ જેવા સશસ્ત મહિલા દેશના રાષ્ટ્રપતિ છે. જે આપણે સૌ દેશવાસીઓનું ગૌરવ છે.

આ જ વિચારધારા સાથે આપણે સૌ સશક્ત અને સુપોષિત નારીશક્તિ થકી તંદુરસ્ત રાષ્ટ્રનિર્માણ તરફ આગળ વધીએ. આ અવસરે મહિલા અગ્રણી કું.કૌશલ્યા કુવરંબાએ જણાવ્યું હતુ કે દેશના વડાપ્રધાનશ્રીએ દેશના વિકાસની સાથે સાથે દેશની દિકરીઓના સ્વાસ્થની પણ ચિંતા કરી છે. દિકરીઓના સર્વાંગી વિકાસ અર્થે પૂર્ણા યોજનાની જેમ અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે.

પૂર્ણા યોજના અંતર્ગત ૧૫ થી ૧૮ વર્ષની શાળાએ જતી અને શાળાએ ના જતી કિશોરીઓને માટે પોષણ અને આરોગ્ય સ્થળ, જીવન કૌશલ્ય તાલીમ, વ્યવસાયિક તાલીમ અને તેઓ પોતાનો વિકાસ જાતે કરી શકે તે રીતે તેને તૈયાર કરવાના હેતુસર ગુજરાત સરકાર દ્વારા પૂર્ણા યોજના અમલી બનાવવામાં આવી છે. વિવિધ ક્ષેત્રે સિધ્ધીઓ મેળવેલ કિશોરીઓને પૂર્ણા કપ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. કિશોરી- અભિયાન મેળોમાં કિશોરીમાં પોષણનું મહત્વ, સ્વાસ્થ સંબંધિત જાણકારી,રોજગારી, કાયદાકીય જાગૃતતા તેમજ પૂર્ણા પેકેટમાંથી બનાવેલ સ્વાદિષ્ટ વાનગીઓના સ્ટોલ ગોઠવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમામાં નગરપાલિકાપ્રમુખ શ્રીમતિ યતિનબેન મોદી, હિંમતનગર તાલુકા પંચાયત પ્રમુખશ્રી વિનોદચંદ્ર પટેલ, જિલ્લા કલેક્ટરશ્રી હિતેષ કોયા, જિલ્લા વિકાસ અધિકારી ડી.એચ. શાહ, જિલ્લા મહિલા બાળ અધિકારીશ્રી નિતાબેન ગામી, સી.ડી.પી.ઓ-ઘટક-૧ પન્નાબેન સંઘવી, સી.ડી.પી.ઓ-ઘટક-૩ નયનાબેન જોશીયારા,અન્ય અધિકારી / કર્મચારી,આંગણવાડી કાર્યકર તેમજ મોટી સંખ્યામાં કિશોરીઓ ઉપસ્થિત રહી હતી.

# જિલ્લા પંચાયત આણંદ ના અધ્યક્ષપણા હેઠળ આરોગ્ય લક્ષી અધિવેશન કાર્યક્રમ યોજાયો





કમલમ્ ન્યુઝ,બીના પટેલ

આણંદ જિલ્લા પંચાયતી રાજના ચૂંટાયેલા પદાધિકારી શ્રીમતી હંસાબેન આર. પરમાર માન.પ્રમુખ શ્રી જીલ્લા પંચાયત આણંદ ના અધ્યક્ષપણા હેઠળ આરોગ્ય લક્ષી અધિવેશન કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું. આણંદ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હંસાબેન પરમાર, જિલ્લા પંચાયત કારોબારી સમિતી ચેરમેન શ્રી પ્રદીપભાઈ પટેલ, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતી ચેરમેન શ્રીમતી હેમાબેન પટેલ,મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રીમતી ડૉ. મેધા એચ.મહેતા, ડૉ.એ.ડી.એચ.ઓ.પૂર્વીબેન, ડૉ. રાજેશભાઈ પટેલ ઈ.એમ.ઓ.તથા ડી.એમ.ઓ નો ચાર્જ તથા આરોગ્ય ખાતાના અધિકારીશ્રીઓ તથા પદા અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આરોગ્ય ખાતા દ્વારા અવનવા રજા લક્ષી કાર્યક્રમો સરકાર દ્વારા આવેલી ગાઈડલાઈન મુજબ આણંદ જિલ્લામાં સતત કાર્યશીલ રહી અને પ્રજાલક્ષી કામ કરવાના હેતુથી એક આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.પ્રજાને (નાગરિકો) થયેલા રોગોનું બીમારીનું કારણ જાણી તેમને સરકાર દ્વારા તે સહયોગ પૂરો પાડવામાં આણંદ જિલ્લા આરોગ્ય ખાતા દ્વારા કરેલા કામોનું આ કાર્યક્રમમાં રજૂઆત કરી હતી.

# અરવલ્લી જિલ્લાના શામળાજી ખાતે જિલ્લા આયુર્વેદ શાખા દ્વારા આયુષ મેળાનું આયોજન કરાયું

કમલમ્ ન્યુઝ,અમિત ઉપાધ્યાય



આઝાદી કા અમૃત મહોત્સવ તેમજ હર દિન હર ઘર આયુર્વેદ અભિયાન અંતર્ગત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને નિયામકશ્રી આયુષ કચેરી, ગાંધીનગર દ્વારા નિર્દેશિત આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત અરવલ્લી દ્વારા યાત્રાધામ શામળાજી ખાતે આયુષ મેળો તથા આયુર્વેદ/ હોમિયોપેથી નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આયુષ મેળો તથા આયુર્વેદ/ હોમિયોપેથી નિદાન સારવાર કેમ્પનો માનનીય ધારાસભ્ય શ્રી પી. સી. બરંડાના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો. આ કેમ્પ થકી લોકોના રોગોનું વિનામૂલ્યે આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાઓ આપી નિદાન કરવામાં આવ્યું. આ કેમ્પનો મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો. ધારાસભ્યશ્રી પી.સી.બરંડા એ લોકોને સંબોધીત કરતા જણાવ્યું કે આયુર્વેદએ આપના જીવનનો હિસ્સો છે. વર્ષોથી આ જંગલોમાંથી મળતાં છોડ, મૂળ અને વનસ્પતિથી આપણે નિદાન કરતાં આવ્યા છીએ. હવે સરકાર શ્રી દ્વારા આ પ્રકારે મેળા યોજી આ લાભ તમામ લોકો સુધી પહોચાડવા પ્રયાસો કરાયા છે જેનો વધુમાં વધુ લાભ મેળવે તે પણ વિનંતી કરી. આ કેમ્પમાં અગ્નિકર્મ જેવી પદ્ધતિઓ દ્વારા વર્ષો જૂના દુખાવાનું પણ નિદાન કરવામાં આવ્યું. આ આયુષ મેળા દરમિયાન અહીં આરોગ્યવર્ધક ઉકાળાનું પણ વિતરણ કરવામાં આવ્યું. પોષી પુનમ નિમિત્તો શામળાજી મંદિર ખાતે ઉપસ્થિત મોટી સંખ્યામાં ભક્તોએ આ કેમ્પનો લાભ લીધો અને જણાવ્યું કે આ પણ ભગવાન શામળાજીનો પ્રસાદ જ છે.

# મુન્દ્રાની બી. એડ. કોલેજમાં ડ્રોન સહિતના સાધનો સાથે કરાવાશે આધુનિક અભ્યાસ

### ઇનોવેશન કલબ અંતર્ગત વિદ્યાર્થીઓ જાતે તૈયાર કરશે સ્મોલ પ્રોજેક્ટ




કમલમ્ ન્યુઝ,મુન્દ્રા,

સરકાર દ્વારા કોલેજમાં અભ્યાસ કરતા કોઈ પણ પ્રવાહના વિદ્યાર્થીઓને તાલીમ આપીને અભ્યાસની સાથે સાથે વિદ્યાર્થીઓમાં રહેલા વિવિધ કૌશલ્યને ખીલવવા માટે શિક્ષણ વિભાગ દ્વારા ઈનોવેશન ક્લબ નામના પ્રકલ્પની શરૂઆત કરવામાં આવી છે

જે અંતર્ગત મુન્દ્રાની બી. એડ. કોલેજના વિદ્યાર્થીઓને આધુનિક તાલીમ આપવા માટે ઈનોવેશન કલબ ઈનોવેશન કોઓડીનેટર તરીકે કોલેજના પ્રાધ્યાપક ડો. દિનેશભાઈ આર. પટેલની પસંદગી કરવામાં આવેલ છે એવું કોલેજના પ્રિન્સિપાલ ડો. એલ. વી. ફફલે એક યાદીમાં જણાવ્યું હતું.

ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની દરેક કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં નવું નવું જ્ઞાન પ્રાપ્ત કરી પોતાની રીતે રોજગારી ઉભી કરી શકે એવા ઉમદા હેતુથી ડ્રોન સહિતના વિવિધ આધુનિક ટેકનોલોજી યુકત કિંમતી અને અગત્યના સાધનોથી સજ્જ પાંચ ડી.આઇ. વાય. (ડુ ઈટ યોરસેલ્ફ) કીટ ઉચ્ચ શિક્ષણ વિભાગ તરફથી કોલેજને આપવામાં આવી હોવાની માહિતી આપતા ડો. પટેલે વધુ વિગત આપતા જણાવ્યું હતું કે નવી શિક્ષણ નીતિમાં દરેક વિદ્યાર્થી સમાજ ઉત્થાન માટેના સંશોધનમાં રસ લેતોથાય તે બાબતનેકેન્દ્ર સ્થાને મૂકવામાં આવી છે જે અંતર્ગત નોન ટેકનિકલ વિદ્યાર્થીઓ પણ ઈનોવેશન અને સ્ટાર્ટઅપ દ્વારા પોતાનામાં રહેલી સર્જનાત્મક અને રચનાત્મક શક્તિઓનો ઉપયોગ કરીને પોતાની જાતે બિઝનેસ શરૂ કરી શકે અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરીને સ્વરોજગારીની દિશામાં આગળ વધે એવા ઉમદા હેતુ સાથે મુન્દ્રાની બી.એડ. કોલેજમાં પણ ઈનોવેશન ક્લબની રચના કરવામાં આવી છે અને અત્રેથી તાલીમ મેળવીને શિક્ષકો બનનાર તાલીમાર્થીઓ ભવિષ્યમાં હાઈસ્કૂલ અને પ્રાથમિક શાળા કક્ષાએ પણ આ ઉમદા વિચારોને આગળ ધપાવશે એવી આશા વ્યક્ત કરી હતી.

